|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** jaineducationboard.org **E mail :** jainshikshanboard@gmail.com

**૨૯ ઑગષ્ટ ૨૦૨૧ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૪** **કુલ ગુણ : ૧૦૦**

(૧૦)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોનું માગધી લખીને કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૪)**

૧. નિવર્તું છું  ૨. રજોહરણ–ગુચ્છાથી  ૩. તાપ લાગે  ૪. કોઈ

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. અતિચાર અને અણાચાર એટલે શું?  ૨. છટ્ઠા વ્રત અને દશમા વ્રતમાં શું ફરક છે?

૩. ઉવભોગ અને પરિભોગ એટલે શું?

(૭૫)

**પ્ર.૨ (ક) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૨૦)**

૧. સે વીરિએણં ......  ૨. કહં ચ ......  ૩. ગિરીવરે ......

૪. સે વારિયા .......  ૫. થણિયં ચ ......

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૪)**

૧. મજ્ઝંમિ  ૨. અણુત્તરે  ૩. ખોઓદએ  ૪. ધુણઈ

૫. માહુ  ૬. ધીરે  ૭. સમિયં  ૮. હેટ્ઠં

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. ભગવાન ક્યું ધ્યાન ધરતા હતા તે લખી તે શબ્દ જે ગાથામાં આવતો હોય તે ગાથા લખો. (૨)

૨. ભગવાન કોના જેવા તેજસ્વી હતા? બળમાં કેવા હતા? (૧×૪)

૩. લાંબા પર્વતોમાં શું શ્રેષ્ઠ છે? દેવો કયા સ્થાનમાં જઈને ક્રીડા કરે છે?

૪. મેરૂપર્વત શા માટે દુર્ગમ છે? તેમાં કેટલા કાંડ છે?

૫. ભગવાનના ચક્ષુ ક્યાં સ્થિર હતા? ભગવાન શેમાં સ્થિત હતા?

**(ખ) કાયસ્થિતિના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(અ) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો.** **(૧૦)**

૧. વિભંગજ્ઞાન  ૨. ભાષક  ૩. અકષાયી  ૪. અણાહારી છદ્મસ્થ  ૫. વનસ્પતિકાય અપર્યાપ્તા

૬. લોભકષાય  ૭. અનિન્દ્રિય  ૮. વેદક સમકિત  ૯. સંસાર અપરિત્ત  ૧૦. સમુચ્ચય બાદર પર્યાપ્તા

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. કાયસ્થિતિ અને વનસ્પતિકાળ એટલે શું? કોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એક જ છે? શા માટે? (૫)

૨. કાયયોગની જઘન્ય સ્થિતિ કેટલી છે? શા માટે? (૨×૫)

૩. ઉત્કૃષ્ટ બાદરકાળ જેની સ્થિતિ હોય તેવા બોલ કેટલા છે? કયા કયા?

૪. ક્યાં જીવોની લેશ્યા નિયમા બદલાય? લેશ્યાની જઘન્ય સ્થિતિ કેટલી?શા માટે? અંતર્મુહૂર્તના ભેદ કેટલા?

૫. સંયતાસંયતની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને સંયતની જઘન્ય સ્થિતિ એક સમયની શા માટે?

૬. સાદિ સાંત અને સાદિ અનંતવાળા અકષાયી જીવ કયા? તેમાં સાદિ સાંતની સ્થિતિ કેટલી?

**(ઈ) જોડકા જોડો.** **(૫)**

| (અ) | (બ) |
|---|---|
| ૧. પર્યાપ્તા પોપટ | ૧. અસંખ્યાતો કાળ |
| ૨. પુરુષ વેદ | ૨. અનંતકાળ |
| ૩. સમુચ્ચય નિગોદ | ૩. અંતર્મુહૂર્ત |
| ૪. બેઈન્દ્રિય | ૪. પ્રત્યેક સો સાગર સાધિક |
| ૫. આહારક છદ્મસ્થ | ૫. સંખ્યાતો કાળ |

**(ગ) બાર તપના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. અવકાલિક અણસણના કેટલા ભેદ? કયા કયા?
૨. પ્રાયશ્ચિતના કેટલા ભેદ? તેમાંથી પહેલા ત્રણ ભેદ લખો.
૩. વૈયાવચ્ચ એટલે શું? ધર્મકથાના ભેદના માત્ર નામ લખો.
૪. દ્રવ્ય કાયોત્સર્ગના ભેદ લખો.
૫. ભક્તપાન ઉણોદરીના ભેદ કેટલા? ઉણોદરીથી શું લાભ થાય?
૬. લોકાપચાર વિનયનો ત્રીજો – ચોથો ભેદ લખો.

**(આ) નીચેના કાર્યો કયા તપના છે?** **(૩)**

૧. સૂત્ર અને અર્થનું ચિંતન કરવું    ૨. પલાંઠી વાળીને બેસવું.    ૩. શ્રોત્રેન્દ્રિયમાં રાગ – દ્વેષ ન કરવો.
૪. થૂંકવું નહિ.    ૫. સાદો આહાર લેવો.    ૬. હલકા પ્રકારના ચણાનો આહાર કરે.

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કેશી સ્વામી અને ગૌતમ સ્વામીની ચર્ચા સાંભળવા કોણ કોણ આવ્યું હતું? (૩)
૨. મન રૂપી ઘોડાને કેવી રીતે વશ કરવાનો છે? (૨×૬)
૩. ગૌતમ સ્વામી કયા ઉદ્યાનમાં કોની પાસે ગયા? તેમણે ગૌતમ સ્વામીને બેસવા માટે કેવું આસન આપ્યું?
૪. પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનના સાધુઓ કેવા હોય છે?
૫. ગૌતમ સ્વામીને કેટલું જ્ઞાન હતું? તેઓ કઈ નગરીના કયા ઉદ્યાનમાં ઉતર્યા?
૬. શત્રુ કેટલા છે? તેમાંથી આપણો શત્રુ કોણ છે? પ્રતિસંલીનતા દ્વારા શું કરવાનું છે?
૭. કુપ્રવચનને માનનારા તેમ જ જિનેન્દ્ર ભગવાનનો માર્ગ કેવો છે?

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. સંપૂર્ણ ........    ૨. કિં શર્વરીષુ .........    ૩. મન્યે વરં ........

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. ચંદ્રના મંડળને કેવું કીધું છે?
૨. ભગવાનને વિદિત યોગ અને અનંગકેતુ શા માટે કીધા છે?
૩. પૂર્વ દિશા કોને જન્મ આપે છે?

**જય – જિનેન્દ્ર**